If you want to fly, We provide wings...

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 45

## પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના




ચર્ચામાં શા માટે ?

આ પ્રોજેક્ટના ઉદ્દેશો વિશે :-

યોજનાના હેતુ વિશે :

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-45નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયની અધ્યક્ષતા હેઠળ આવતી પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (PMKSY) અંતર્ગત નવા 32 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી.

## આ પ્રોજેક્ટના ઉદ્દેશો વિશે :-

- આ પ્રોજેક્ટ હેઠળ 17 રાજ્યમાં આશરે 406 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટમાં અંદાજે 15 હજાર વ્યક્તિઓ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની રચના, ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની તકોમાં વૃદ્ધિ, કૃષિ પેદાશોના શેલ્ફ-લાઈફમાં વધારો કરવા માટે આધુનિક પ્રોસેસિંગ તક્નીકોની શરૂઆત તથા ખેડૂતોની આવકમાં સ્થિરતા વગેરેની પૂર્વધારણા કરવામાં આવી છે.
- સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ગ્રાહકોને ભારતીય ખેડૂતો સાથે જોડવામાં ફૂડ પ્રોસેસિંગની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે.
- ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ ખેડૂતો, સરકાર અને બેરોજગાર યુવાનો વચ્ચેની કડી તરીકે કાર્ય કરીને ભારતીય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે.
- ચીન પછી ભારત ખાદ્ય ચીજોનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. તથા વિશાળ વસતી અને વધતી આર્થિક સમૃદ્ધિને કારણે ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટે મોટું બજાર ઉપલબ્ધ છે.
- ફૂડ પ્રોસેસિંગ માર્કેટ 2020 દરમિયાન વધીને 543 અબજ ડોલર થવાની સંભાવના છે. જે 2016માં 322 અબજ ડોલર હતી. જેનો ચક્રીય વાર્ષિક વૃદ્ધિ દર (CAGR-Compound Annual Growth Rate) 14.6% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ એવી પ્રવૃત્તિઓને સૂચિત કરે છે કે જેમાં પ્રાથમિક કૃષિ ઉત્પાદનો પર પ્રક્રિયા કરવામાં આવે છે અને તેનું મૂલ્ય ઉમેરવામાં આવે છે. ઉદાહરણ તરીકે ડેરી ઉત્પાદનો, દૂધ, ફળો અને શાકભાજીની પ્રક્રિયા, ફૂડ પેકેટ, પીણા વગેરેનો સમાવેશ થાય છે.

## યોજનાના હેતુ વિશે :

- પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (PMKSY) નો મુખ્ય ઉદ્દેશ ફૂડ પ્રોસેસિંગ અને જાળવણી ક્ષમતાઓનું નિર્માણ, ખોરાકના બગાડમાં ઘટાડો તથા હાલના ફૂડ પ્રોસેસિંગ એકમોને આધુનિક અને વિસ્તૃત કરવાનો છે.
- આ યોજનાનો અમલિકરણનો સમયગાળો વર્ષ 2016 થી 2020 છે, તથા કુલ ખર્ચ રૂ. 6000 કરોડ છે.
- આ યોજનાની સાત ઘટક યોજનાઓ છે. જેમાં...
  - મેગા ફૂડ પાર્ક
  - ઈન્ટિગ્રેટેડ કોલ્ડ ચેઈન અને વેલ્યુએડિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર
  - એગ્રો-પ્રોસેસિંગ કલસ્ટરો માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર
  - બેકવર્ડ એન્ડ ફોરવર્ડ લિંક્સનું નિર્માણ
  - ફૂડ પ્રોસેસિંગ અને જાળવણી ક્ષમતાનું નિર્માણ અને વિસ્તરણ
  - ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા ખાતરી માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર
  - માનવ સંસાધન અને સંસ્થાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT